| | |
|---|---|
| **Date:** 23.8.2021 | **Publication:** Divya Bhaskar |
| **Page no.:** 8 \| 12 | **Edition:** Mumbai \| Ahmedabad |
| **Headline:** Things to keep in mind while renewing your motor & health insurance policies | |

**વીમાની વાત** પોલિસી નિશ્ચિત મુદત માટે હોય છે, જેને દરવર્ષે રિન્યૂ કરવી પડે છે

# મોટર, હેલ્થકેર વીમો રિન્યુઅલ કરાવતી વખતે પર્યાપ્ત કવરનું ધ્યાન રાખો




**ટીએરામલિંગન**
ચીફ ટેક્નિકલ ઓફિસર, બજાજ આલિયાન્સ જનરલ ઈન્સ્યોરન્સ


સામાન્ય વીમા પોલિસીઓ દરમહિને રિન્યુ કરવી પડે છે. વીમાધારક તેનો લાભ લેવા માટે વાર્ષિક પ્રિમિયમ ચૂકવે છે. મોટર-હેલ્થકેર વીમો મોટાપાયે ખરીદવામાં આવે છે. આવો જાણીએ, આ પોલિસી રિન્યુ કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવુ જોઈએ...

## મોટર વીમો



- **આઈડીવી**| કુલ નુકસાનની સ્થિતિમાં વીમા કંપની પાસેથી મળતી મહત્તમ રકમ છે. યોગ્ય આઈડીવી જરૂર છે. ઓછા પ્રિમીયમ માટે તેની સાથે સમાધાન કરશો નહીં.
- **નો ક્લેમ બોનસ**| જો તમે ગતવર્ષે ક્લેમ કર્યો નથી. તો તમે નો ક્લેમ બોનસના પાત્ર છો. સતત પાંચ ક્લેમમુકત વર્ષ માટે મહત્તમ નો ક્લેમ બોનસ 50 ટકા સુધી મળે છે.
- **એડ-ઓન ફિચર્સ**| જો તમે નાની રકમ આપી એન્જિન પ્રોટેક્શન, ઝીરો ડેપ્રિસિએશન, નો ક્લેમ બોનસ પ્રોટેક્શન, રિટર્ન ટુ ઈનવોઈસ કવર જેવા અમુક એડ-ઓન-પોલિસીમાં ઉમેરી શકો છો.

## સ્વાસ્થ્ય વીમો



- **પર્યાપ્ત વીમિત રકમ**| વધતા મેડિકલ ખર્ચના લીધે શરૂઆતમાં પસંદ કરવામાં આવેલી વીમા પોલિસી આગામી વર્ષ માટે પર્યાપ્ત છે કે નહીં તે ચકાસો. અને ના હોય તો તેનું પર્યાપ્ત કવર લો.
- **ટોપ-અપ પ્લાન**| જો તમારી વર્તમાન પોલિસી આકસ્મિક કારણોસર કવર કરવા માટે પર્યાપ્ત નથી તો તમે ટોપ-અપ સ્કીમનો લાભ લઈ શકો છો.
- **નવી બિમારીઓનો ખુલાસો**| જો તમે અથવા પોલિસીમાં વીમાધારક અન્ય સભ્યોને કોઈ નવી બીમારી થઈ હોય તો રિન્યુઅલ દરમિયાન તેને જાહેર કરવી જોઈએ. જે તમારા હિતમાં છે.

*જો તમે પોતાની કોઈ પોલિસી સમયસર રિન્યુ કરાવતા નથી. તો પોલિસી સમાપ્ત થશે. અને કવરની મુદત દરમિયાન પ્રાપ્ત થતાં લાભ મળશે નહીં. સ્વાસ્થ્ય વીમા રિન્યુઅલમાં કોઈ પણ બ્રેક થાય તો વેઈટિંગ પિરિયડ અને અગાઉથી ઉપસ્થિત બીમારીના એક્સક્લુઝન્સને રિસેટ કરશે. જે મોંઘી સાબિત થશે. કારણકે, વેઈટિંગ પિરિયડ્સને રિઝર્વ કરવો પડશે. સમય પર પોલિસી રિન્યુ કરાવવાનું અન્ય એક કારણ આ છે કે, તેનાથી વીમાકર્તા તમારી રિન્યુઅલ એપ્લિકેશનને સ્વીકાર કરવો જ પડશે.*